Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૧૦ · તા. ૧ થી ૭ માર્ચ ૨૦૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## એ દુર્લભ અંકમાંની દુર્લભ તસવીરો

ક.દ.ઓ. પ્રકાશનું પ્રકાશન ઇ.સ. ૧૯૨૫માં શરૂ થયું તે વખતથી તેની સાથે જોડાયેલા પ્રગતિશીલોની ઈચ્છા હતી કે જ્ઞાતિની મહિલાઓ પોતાના વિચારોને વાચા આપે તથા વિશેષ મહિલાઓ જે મહિલા વર્ગ માટે આદર્શ (રોલ મોડલ) બની શકે તેમની ખાસ નોંધ લેવાય. આ ઈચ્છા ઇ.સ. ૧૯૩૩માં સાકારરૂપ પામી. જોકે આમ તો કચ્છ દશા ઓસવાલ જ્ઞાતિની મહિલાઓ જ્ઞાતિ કચ્છ-ગુજરાત જ નહીં ઇ.સ. ૧૯૨૫ સુધીમાં રાષ્ટ્રના જાહેર જીવનમાં પોતાનો ડંકો વગાડી દીધો હતો. પ્રસ્તુત છે 'ક.દ.ઓ. પ્રકાશ'ના ઇ.સ. ૧૯૩૩ના મહિલા વિશેષાંકમાંની કેટલીક દુર્લભ તસવીરો.



પુસ્તક લેખિકા
સૌ. સરલાબાઈ સુમતિચંદ્ર શાહ



સત્યાગ્રહી કવિ - ચિત્રકાર
શ્રી સોનુબેન શામજી શાહ



વ્યાયામપ્રેમી
ધનલક્ષ્મી બી.એન. મહેશ્વરી



સમાજસુધારક મહિલાઅગ્રણી
સૌ. રતનબાઈ બી.એન. મહેશ્વરી



આઝાદી માટે કારાવાસ ભોગવનાર
શ્રી જેતબાઈ આણંદજી વર્ધમાન



આઝાદી માટે કારાવાસ ભોગવનાર
શ્રી ઝમકુબાઈ પદમશી દંડ



આઝાદી માટે કારાવાસ ભોગવનાર
શ્રી દેકાબાઈ કુંવરજી મોમાયા



આઝાદી માટે કારાવાસ ભોગવનાર
શ્રી નવલબાઈ ગોવિંદજી ત્રીકમજી



યુરોપ પ્રવાસી
સૌ. વેજબાઈ થોભણ દેવજી



યુરોપ પ્રવાસી
સૌ. મણીબાઈ ચીમનલાલ વર્ધમાન



સાધ્વી શ્રી કમલશ્રી



સાધ્વી શ્રી નેમશ્રી

**આંતરરાષ્ટ્રીય મહિલા દિન ૮મી માર્ચ નિમિત્તે જ્ઞાતિની અને સર્વ મહિલાઓને સર્વાંગીણ વ્યક્તિત્વ વિકાસની ભાવભરી શુભકામના - પ્રકાશ સમીક્ષા પરિવાર**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 10/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય : બપોરે ૧ થી ૪ ફક્ત**
**શનિ./રવિ. અને જાહેર રજાના બંધ**

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# ડોંબીવલીના જ્ઞાતિજનોની અપેક્ષાઓ પૂરી કરવાનો દેખાવ કરી તેમના સમાજજીવનને કટુતા અને પક્ષાપક્ષીથી ભરી દેવાનું બંધ થવું જોઈએ

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલીની થોડા સમય પહેલાં યોજાયેલી ચુંટણીમાં ત્યાંના જ્ઞાતિજનોએ કોઈપણ પ્રકારનું ગાડરીયાપણું બતાવ્યા વગર ખૂબ જ સંતુલિત રીતે મતદાન કર્યું. એ પછી ચૂંટાયેલાઓએ પણ ચૂંટણી વખતે પડી ગયેલા જૂથોને મહત્વના માન્યા વગર પાત્રતાને આધારે પદાધિકારી નીમ્યા. આ પરથી એ સ્પષ્ટ સમજાય છે કે ડોંબીવલીના જ્ઞાતિજનો દુધના દાઝેલા છે એટલે ફ્રીઝમાં મૂકેલા છાસ પણ ફૂંકી ફૂંકીને પીવાના.

ચાર દાયકાથી ડોંબીવલીના જ્ઞાતિજનોને તેમની રહેવાની સમસ્યાના ઉકેલ માટે તથા સમાજજીવન માટે આવશ્યક હોલ માટે છેતરામણા વચનો અપાતા રહ્યા. આ કામ હજુ પણ ચાલુ છે. એ ખરી વાત કે કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ પાસે જૂની જર્જરિત થઈ રહેલી ઈમારતો રૂપી મુડી છે પણ તે સિવાય મુંબઈ મહાજનને અપાયેલા વચનો પ્રમાણે થતી વસુલી સિવાય કોઈ મોટા ફંડ નથી. દાતાઓને તેમના પૈસા યોગ્ય અગ્રતા પ્રમાણે તથા કરકસરથી ખર્ચાશે એવી પ્રતીતિ કરાવ્યા વગર આ નાણાં પણ સમાજને માટે કામમાં આવવાના નથી.

આવી સ્થિતિમાં મુંબઈ મહાજન સ્તરે લોકોના ઉધ્ધારક બનવાની સાચી - ખોટી મહેચ્છાવાળા સ્થાનિકે સાચા-ખોટા દબાણથી સમાજજીવનમાં વિક્ષેપ પાડે એ અનિચ્છનીય ગણાય.

મૂળે ડોંબીવલીમાં રહેતા અને પોતાના પરિશ્રમથી તેમજ કુદરતે યારી આપ્યા બાદ અન્યત્ર રહેવા ગયેલાઓને પણ ડોંબીવલીવાસીઓના ઉધ્ધારક ગણાવવાની વાસનાથી મુક્ત થવાનો સમય આવી પહોંચ્યો છે. (વાસના શબ્દનો એક અર્થ વિવેકભાન ભુલાવી ઉંધુ-ચતુ કરાવતી અતૃપ્ત ઈચ્છાઓ એમ પણ છે.)

આ સંબંધે જે લોકો વાર્યા વરવાના નથી, તો હાર્યા ભૂંસાઈ જવાના છે. એ વાત મોટી મહત્વાકાંક્ષા રાખનારાઓ જેટલી વહેલી સમજે તે એમના માટે સારું છે.

આ દાયકાઓ જુની લોકોને સામસામે ટકરાવી મારવાની રાજરમત ડોંબીવલીવાસીઓ સત્વરે સમજી જાય અને તેઓ એકજુથ બની કામ કરે. જેથી હોપ-૧૦૦૦ની ડોંબીવલીની જમીનમાં મુંબઈ મહાજન કે અનંતનાથજી ટ્રસ્ટ કે અન્યો જે પણ સંસ્થા કે જુથ, આયોજનોની રૂપરેખા તૈયાર કરવામાં રસ લઈ રહ્યા છે, તે સર્વ અગ્રણીઓને ડોંબીવલી મંડળ સાથે પણ વિચાર-વિમર્શ કરવો પડશે તેવો ડોંબીવલીવાસીનો સુર બુલંદપણે નોંધાય.

**- ચંદ્રસેન મોમાયા**

## મુંબઇ મહાજનની વ્યવસ્થાપક સમિતિની સભા

માહિતગાર સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મુંબઇની વ્યવસ્થાપક સમિતિની સભા બુધવાર તા. ૧૯-૨-૨૦૧૪ના મળી હતી. આ સભામાં ઘણા મહત્વના વિષયો પર ચર્ચા થઇ હતી.

મળેલ માહિતી મુજબ મહાજનશ્રીની આ વ્યવસ્થાપક સમિતિમાં 'શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ' પાસેથી આવેલ નવા તથા જુના અનંતભુવનના રીડેવલ્પમેન્ટના પત્ર બાબતે વર્તમાન ટ્રસ્ટ બોર્ડ પાસે હવે સમય ઓછો રહ્યો હોવાથી એ બાબત ભાવિ ટ્રસ્ટબોર્ડ માટે રહેવા દેવાનું નક્કી થયું.

શ્રી અંનતનાથજી મહારાજ જૈન દેરાસરમાં થતા ચઢાવામાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વ્યતિરિક્ત અન્ય જૈન જ્ઞાતિને પણ ચઢાવા બોલવામાં (લેવામાં) છુટ આપવા બાબત ઘણા સભ્યોએ વિરોધ વ્યક્ત કર્યો.

'શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજની વ્યવસ્થાપક સમિતીની સંખ્યા ૫૧ સદસ્યથી ઘટાડીને ૩૧ સદસ્ય કરવા તથા શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનાં ટ્રસ્ટના ચુંટાયેલા ૧૧ ટ્રસ્ટીઓ વ્યવસ્થાપક સમિતીના ૩૧ સદસ્યમાં ગણાઇ જાય' તેવી કાર્યસૂચીના અનુસંધાનમાં એમ નક્કી થયું હતું કે વ્યા. સમિતીના ૪૪ સભ્યોની ચૂંટણી થાય છે અને અન્ય ૭ સભ્યો કો.ઓપ્ટ કરવામાં આવે છે. તેને બદલે ૨૦ સભ્યો માટે ચૂંટણી કરવી અને તેમાં અનંતનાથજી ટ્રસ્ટના ચૂંટાયેલા ૧૧ ટ્રસ્ટીઓ પોતાના હોદ્દાની રૂએ સ્વયંતઃ ઉમેરાય અને તે ઉપરાંત સાત સભ્યો કો. ઓપ્ટ કરવામાં આવે આ અનુસાર મહાજનશ્રીના બંધારણમાં સુધારો કરવા હવે મહાજનશ્રીની એક સભા બોલાવવી એમ પણ નક્કી થયું હતું.

## 'સ્વયં સિધ્ધા'

G.V.C. લેડીસ વિંગ દ્વારા 'ઈન્ટરનેશનલ વીમેન્સ ડે' તા. ૮ માર્ચ, શનિવારે બપોરના ૨ થી ૬નાં અગ્રસેન હોલ મધ્યે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેનાં મુખ્ય અતિથિ દત્તાબેન ખીમજી છે. જેમાં ડૉ. ઊર્વી મહેશ્વરી (M.D.) મોનોપોઝ વિશે સમજ આપશે. આશા સોની (B.A.) યોગ વિશે સમજાવશે.

આ કાર્યક્રમ દરમિયાન ટીના ધરમશી, ખ્યાતિ ધરમશી તેમ જ ઉર્વશી ખોના જેઓ પોતપોતાનાં ક્ષેત્રમાં અવ્વલ છે તેમ જ નવા ક્ષેત્રોમાં તેમણે પોતાનું કાર્યક્ષેત્ર પસંદ કર્યું છે, તેમનું બહુમાન કરવામાં આવશે.

છેલ્લે હાસ્યકલાકાર દ્વારા હાસ્ય અને રમૂજની રજૂઆત થશે. અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.

**પ્રકાશ સમીક્ષાનો અંક ૧૦ તૈયાર થઈ ગયા બાદ અચાનક કોમ્પ્યુટરમાં ટેકનીકલ ફોલ્ટ અને વાયરસ સમસ્યાઓ થવાથી ઘણી મેટરો/ જાહેરાતો તેમજ જીવનચક્ર સહિતના વિભાગોનો સમાવેશ થઈ શક્યો નથી. ક્ષમા યાચના. - વ્યવસ્થાપક**

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બે પાનાની જાહેરાત મળે તો જ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા**

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઇટ છે કે કલર છે, જા.ખ.ની સાઇઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

।। નમો નમઃ તીર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ સ્વામીને નમઃ ।।

જય ચક્રેશ્વરી માતા | જય ગૌતમ સ્વામી | જય મહાકાલી માતા

શ્રી આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસૂરીભ્યો નમઃ

# ૪૦૦ વર્ષના પ્રાચીન શ્રી મોડપર સુપાર્શ્વનાથ પ્રભાવક તીર્થના જીર્ણોધ્ધાર સહ નવ નિર્માણ અંગે અંજનશલાકા અને પ્રતિષ્ઠાની વિવિધ ઉછામણીઓ પ્રસંગે

# પધારવા હાર્દિક આમંત્રણ.....

રવિવાર, તા. ૧૬ માર્ચ, ૨૦૧૪ સવારના ૮.૩૦ થી સાંજના ૬.૩૦ ક.

સ્થળ : જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા સભાગૃહ,
એલ.બી.એસ.માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮.

## દિવ્ય સામ્રાજ્ય

મોડપર તીર્થપ્રેરક, પ્રતિષ્ઠાપક દાદા ગુરુદેવ આ.ભ. **શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.**
મહાન ક્રિયોધ્ધારક મોડપર તીર્થ ઉધ્ધારક દાદા ગુરુદેવ આ.ભ. **શ્રીગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.**
શાસન સમ્રાટ, ભારત દિવાકર અચલગચ્છેશ દાદા ગુરુદેવ આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

## આજ્ઞા - આશીષ

શાસન સમ્રાટ, વર્તમાન અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

## પ્રેરણા માર્ગદર્શન

સાહિત્ય દિવાકર, રાજસ્થાન-દક્ષિણ દિપક, સૌમ્યસ્વભાવી, મોડપર તીર્થોધ્ધારક
**પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

## પરમ પાવન નિશ્રા પ્રદાન

૧૨મા વરસીતપના આરાધક, શાસન પ્રભાવક, નવકાર મહામંત્ર નિષ્ઠ પ.પૂ. ગણીવર્ય ભગવંત
**શ્રી કવીન્દ્રસાગર મ.સા.** અને **મુનીરાજ કલ્પતરૂસાગરજી મ.સા.**
તેમજ અચલગચ્છાધિપતિના આજ્ઞાવર્તિની શાંતમૂર્તિ **પ.પૂ. સાધ્વીજી અરૂણોદયશ્રીજી મ.સા.** આદિ ઠાણા
તેમજ મુંબઈમાં વિચરતા અચલગચ્છના પ.પૂ.સાધ્વીજી ભગવંતો

## સમગ્ર કાર્યક્રમનું સંચાલન

નવકાર મંત્રધારક, વિધિવિધાન ઉછામણી સમ્રાટ, લોકલાડીલા, પ્રભાવક **શ્રી નરેન્દ્રભાઈ નંદુ**

## પુણ્યાનુબંધી પુણ્યશાળી મહત્વના ચડાવા

- મોડપર મંડન મુળનાયક શ્રી સુપાર્શ્વનાથ દાદાની તેમજ અન્ય સાત ભગવાનની પુનઃપ્રતિષ્ઠા
- શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન, પદમાવતી દેવી, સરસ્વતી દેવી, દાદા કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. (કાઉસગ્ગમુદ્રા)માં અને પરિકરમાં દેવ-દેવીઓ તેમજ ગુરૂભગવંતોના ભરાવવાના, અંજનશલાકા અને પ્રતિષ્ઠા
- અંજનશલાકા મહોત્સવમાં ભગવાનના માતા-પિતા, ઈન્દ્ર-ઈન્દ્રાણી, નગરશેઠ-શેઠાણી, સેનાપતિ, જ્યોતિષી વગેરે વગેરે અનેક પાત્રો બની ભજવવાનો લાભ.
- વિધિ મંડપ, ભોજનખંડ, વિશ્રામ ખંડ વગેરેના દાતા
- પંચાન્હિકા મહોત્સવ દરમ્યાન સાધર્મિક ભક્તિના દાતા
- પંચાન્હિકા મહોત્સવના પુજનમાં લાભ તેમજ પ્રસંગને અનુરૂપ બીજા ચડાવાઓ સમય સંજોગ અનુસાર લેવામાં આવશે.

## અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

જે પ્રસંગની સૌ આતુરતાથી રાહ જોઈ રહ્યા છો **એ પ્રતિષ્ઠાનો પ્રસંગ સંવત ૨૦૭૦ જેઠ સુદ ૪, રવિવાર, તા. ૧-૬-૨૦૧૪ થી જેઠ સુદ ૮, ગુરુવાર, તા. ૫-૬-૨૦૧૪ના મોડપર, તા. લાલપુર, જીલ્લો જામનગર મુકામે** પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** આદી ઠાણા તેમજ અચલગચ્છના વિશાળ શ્રમણ-શ્રમણી વૃંદની નિશ્રામાં ઉજવાશે. સંગેમરમરયુક્ત નૂતન જીનાલયનું કામ પૂર્ણ થયેલ છે. નૂતન ગુરૂમંદીર અને ઉપાશ્રયનું કાર્ય ચાલુ છે જે પ્રતિષ્ઠા પહેલા પૂર્ણ થઈ જશે તેવી ભાવના છે. દેરાસરનું પરિસર આજુ બાજુની જગ્યા લઈ વિશાળ બનાવવામાં આવ્યું છે. આ તીર્થ ખૂબજ પાવનકારી અને ચમત્કારી છે અને જામનગરથી દ્વારકા જતા હાઈવે પાસે આરાધના ધામ - જામ ખંભાળીયાથી પહેલા આવેલું છે.

## સાધર્મિક ભક્તિ

આ મહા પુણ્યશાળી અને મંગલકારી દિવસે સવારના નવકારશી, બપોરના પ્રિતીભોજન, ચા-પાણી અને સાંજના ચૌવિહારનો લાભ આપવા વિનમ્ર વિનંતી.

## અતિથિ વિશેષ

- ★ **શ્રી નયનભાઈ અશોકભાઈ ભેદા** (પ્રમુખ શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન - મુંબઈ)
- ★ **શ્રી શામજીભાઈ નરશીભાઈ દંડ** (પ્રમુખ શ્રી અચલગચ્છ જૈન સંઘ)
- ★ **શ્રી રાયચંદભાઈ હંસરાજભાઈ ધરમશી** (સુથરી - વરલી)
- ★ **શ્રી કાંતીલાલભાઈ ગાંગજીભાઈ વોરા** (રંગપુર - કોઈમ્બતુર)
- ★ **શ્રી રસીકભાઈ નાનજીભાઈ શાહ** (મેરાઉ - વાંદરા)
- ★ **સંઘમાતા નિર્મળાબેન ઉમરશીભાઈ ગંગર** (નાંગલપુર - માટુંગા)

**તેમજ સર્વે કચ્છ, હાલાર, કંઠી, અબડાસા, વાગડના ગામના પ્રમુખો, ટ્રસ્ટીઓ, દાનવીર દાતાઓ**

## નિમંત્રણ

આ પ્રસંગે અચલગચ્છ સંઘના કચ્છી દશા, વિશા, રાજસ્થાન, ગુર્જર સમાજના સર્વેને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. આપ સર્વેને મુંબઈ દેશ વિદેશથી પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે હાજર રહી વિવિધ ઉછામણીઓને બળ આપી સફળ બનાવવા વિનંતી. જૈન શાસનના શણગાર સમા સર્વે સંઘના પદાધિકારીઓ, શેઠ, શેઠાણી, ગુરૂભક્તો, જીનશાસનના રાહબર આ પ્રસંગને દિપાવશે.

## આપના આગમનના અભિલાષી

### શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રયના ટ્રસ્ટીઓ

| | | |
|---|---|---|
| શ્રી પંકજ કેશવજી ધરમશી | પ્રમુખ ટ્રસ્ટી | મો. : ૯૮૬૭૦૧૨૩૪૦ |
| શ્રી અશોક મણીલાલ દંડ | ઉપ પ્રમુખ ટ્રસ્ટી | મો. : ૯૮૨૧૧૧૦૧૫૦ |
| શ્રી સુનિલ માણેકજી લોડાયા | ઉપ પ્રમુખ ટ્રસ્ટી | મો. : ૯૭૨૭૫૯૯૯૯૯ |
| શ્રી જીવરાજ કિલાચંદ નાગડા | માનદ્ મંત્રી ટ્રસ્ટી | મો. : ૯૩૨૦૦૮૬૮૮૭ |
| શ્રી ભૂપેન્દ્ર લખમશી લોડાયા | સહમાનદ્ મંત્રી ટ્રસ્ટી | મો. : ૯૮૨૦૩૦૩૭૭૭ |
| શ્રી નવીનચંદ્ર રતનશી શાહ | ખજાનચી ટ્રસ્ટી | મો. : ૯૯૮૭૭૬૨૬૦૨ |
| શ્રી મનોજ ભવાનજી ખોના | સહખજાનચી ટ્રસ્ટી | મો. : ૯૮૨૪૨૨૬૬૮૬ |

### પ્રતિષ્ઠા મહોત્સવના કન્વીનરો

શ્રી પંકજ કેશવજી ધરમશી (રંગપુર - મુલુંડ)
શ્રી અશોક મણીલાલ દંડ (સેવક ભરૂડીયા - મુલુંડ)
શ્રી ચિમન મેઘજી મોતા (વારાપધર - મુલુંડ)
શ્રી કલ્પેશ માણેકજી મોતા (રાપર ગઢવારી - ઘાટકોપર)
શ્રી પારસ પદમશી મૈશેરી (રાપર ગઢવારી - ઘાટકોપર)

### મોડપર તિર્થની કાર્યરત કારોબારી કમીટી

શ્રી નરેન્દ્ર જેતશી શિયાલ (દલતુંગી - ડોંબીવલી)
શ્રી સોમચંદ ઠાકરશી ધરમશી (સેવક ભરૂડિયા - મસ્જીદ બંદર)
શ્રી નરેન્દ્ર કુંવરજી ધરમશી (રંગપુર - ઘાટકોપર)
શ્રી ઉત્તમ હેમરાજ લોડાયા (મોટી ખાવડી - ઘાટકોપર)
શ્રી ભરત લક્ષ્મીચંદ દૌલત (સેવક ભરૂડિયા - ઘાટકોપર)
શ્રી તીલકચંદ્ર જયંતીલાલ ખોના (મોટી ખાવડી - જામનગર)
શ્રી ગુલાબચંદ ત્રિકમજી નાગડા (રંગપુર - જામનગર)

UPASANA - 9820167767



**મરમજા મોતી :** બે પંક્તિમાં અંકિત
કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૪૯)
**- સોમ ધરમશી** (કચ્છ)-09726776627

'તેજ' કિરણ ન પે સિજ્જો ફુલડો ફુલ કીં ?
જીવ જીયરે બધો બંધમેં મોંચ મોક્ષ મિલે કીં ?

**શબ્દાર્થ :** જીયરે = જીવતાં, સિજ્જો = સવારનાં, બંધ = બંધન, મોંચ = મૃત્યુ.

**ભાવાર્થ :** મર્મસભર બે પંક્તિઓ દ્વારા મન ઉપર માર્મિક ચોટ મારી આપણને વિચાર કરતા કરી દેતા કવિ મોહ માયાનાં બંધનો તોડી સંસાર સાગર તરી જવાની ભલામણ કરે છે. આ કિમીયો ઉપાય સમજાવતા ઉપમાં અલંકારનો ઉપયોગ કરી પોતાના કાવ્યકર્મને સરસ અલંકૃત કરે છે.

આપણે સૌ સુવિદિત છીએ કે પૃથ્વી સુર્યમંડળની સભ્ય છે અને સુર્યમાંથી છુટો પડેલો અગનગોળો હતો જ ધીમે ધીમે શાંત પડતા, તેના ઉપર જનજીવનનો ઉદય થયેલ અને વૈજ્ઞાનિક શોધખોળોની મદદથી વિકાસ પામતું ગયું છે. પણ આ જનજીવનને ધબકતું રાખવા માટે સુર્યઉર્જાની જરૂરત છે, સુર્યનાં કિરણોની આવશ્યકતા છે તેના વગર ફુલડાં ખીલતા નથી.

ઘડીભર માટે વિચારો કે સુર્ય રજા ઉપર ઉતરી જાય અને ઉગેજ નહીં તો ? સુર્ય ગ્રહણ વખતે પૃથ્વી પર કેવું નિરાશા જનક વાતાવરણ સર્જાઈ જાય છે. આપણું જીવન કેવું અસ્તવ્યસ્ત થઈ જાય છે.

ગ્રામ્ય જીવનમાં ઉછરેલો કવિ પોતાનાં અનુભવની પરબડીમાંથી કાવ્યશક્તિ દ્વારા આચમન કરાવતાં ઉપરોક્ત પંક્તિમાં ઉપમાં અલંકારને આગળ વધારતાં કહે છે કે જીવનભરણનાં આ વિષયચક્રમાંથી મુક્ત થવા, મોક્ષ મેળવવા આત્માને માયાનાં બંધનમાંથી મુક્ત કરવું અતિ આવશ્યક છે. જિંદગીમાં આપણે જુદા જુદા અનેક બંધનોથી ઘેરાયેલાં છીએ. કૌટુમ્બિક બંધનો, સામાજિક બંધનો કે આર્થિક બંધનો આપણો પીછો છોડતા નથી અને આપણને પરવશ કરી દે છે.

ફૂલને ખિલવા માટે જેમ સુર્યનાં કિરણોની જરૂરત છે તેમ આત્માને કામ, ક્રોધ, માન, માયામાંથી મુક્ત કરી મોક્ષ બક્ષવા જ્ઞાન, ધર્મ, સુકર્મ રૂપી કિરણોની જરૂરત છે.

અંતિમ લક્ષ્ય જીવનનું તો કવિ પ્રભુલાલ દ્વિવેદીએ કહ્યું છે તેમ :

***"આટલું તો આપજે ભગવાન મને છેલ્લી ઘડી***
***ના રહે માયા તણા બંધન મને છેલ્લી ઘડી***
***જિંદગી આ તેં દીધી એ જીવનમાં સમજ્યો નહીં.***
***એજ યાચું કે રહે સમજણ મને છેલ્લી ઘડી"***

પંક્તિ વિરવિજય કૃતુ એક પુજામાં પણ આપણને સંદેશો મળે છે કે

***"મોહસે ક્યું ના કર્યો રે, મોહન મેરો મુક્તિસે***
***જાઈ મળ્યા રે"***

છેલ્લો સાંસારિક માયા છોડી ઐશ્વાયિક માયા લગાડી સંસારને તરી જવો, હોય તો કૃષ્ણઘેલી મીરાના ભજનનું સતત રટણ કરવું.

***"મુખડાની માયા લાગી રે,***
***હો રાધે પ્યારા...."***


Since 1984...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
પધારો... અસ્સલ
કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી,
રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા
રીયલ બટ કસબની સાડી બોર્ડર  પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી  પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર  બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની
ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ



અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ ચણીયાચોળી ઘરચોળા બોર્ડરો પાનેતર
બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

# ક.દ.ઓ. જ્ઞાતિજનોએ સ્ત્રીઓને રસોડામાં ગોંધી રાખતી આદતો સભાનતાપૂર્વક છોડવી જોઈએ

સમુદાયની સ્ત્રીઓ પોતાના વ્યક્તિત્વનો સર્વાંગીણ વિકાસ કરી શકે તે માટે તેમને રસોડાના ચક્કરમાંથી મુક્તિ અપાવવાની ખાસ જરૂર છે.

તામીલનાડુ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્ર પ્રદેશની સ્ત્રીઓને તે પ્રદેશના લોકોનું રોજિંદુ ખાવાનું સરળ હોવાથી કલાકોના કલાક રસોડામાં ગોંધાઈ રહેવું પડતુ નથી. તેની તુલનામાં ગુજરાત, રાજસ્થાન અને કચ્છના લોકો રોજિંદા ખોરાકમાં પણ અનેક પ્રકારના સ્વાદ ઈચ્છતા હોવાથી તેની તૈયારીમાં ઘણો સમય રસોડામાં વિતાવવો પડે છે.

રોજિંદા ખોરાકમાં સાદગી અપનાવનારા સમુદાયો કરતાં, એમાં પણ ચટાકેદાર વાનગીઓ ઈચ્છતા સમુદાયની સ્ત્રીઓને ત્રણ ગણો સમય રસોડામાં વિવિધ તૈયારીઓ માટે વીતવવો પડે છે. સાદા રોજિંદા ખોરાકવાળા સમુદાયની સ્ત્રીનું રસોડાનું કામ દોઢ-બે કલાકમાં પતી જાય છે. તેની સામે કચ્છી દશા ઓસવાલ જેવા રોજિંદા જમણમાં પણ અનેક જાતના સ્વાદ ઈચ્છનારા સમુદાયની સ્ત્રીઓને પાંચેક કલાક રસોડામાં ગાળવા પડે છે.

વધુમાં ઘરના બધા લોકોની જમવાની અનુકળતાના સમય અલગ અલગ હોવાથી પણ સ્ત્રીઓને લાંબા સમય સુધી રસોડાં સાથે બંધાયેલા રહેવું પડે છે. તેને બદલે બધા સ્ત્રીઓની અનુકુળતા પ્રમાણે જમવા આવે તો કેટલો સમય બચે અને કેટલીયે માથાકૂટમાંથી બચી જવાય.

કચ્છી દશા ઓસવાલ સમાજની મોટા ભાગની સ્ત્રીઓ ભણેલી અને અન્ય કૌશલ્ય ધરાવતી હોય છે. પણ ખોરાકની આદતો રસોડા સાથે બાંધી રાખેલ હોવાથી તેવો તેનો સદુપયોગ નથી કરી શકતી.

આ વાતોનું ધ્યાન રાખીને સમય પ્રમાણે સૌએ બદલાવું જોઈએ. રોજિંદા ખોરાકની આદતો સ્ત્રીઓને તેની તૈયારીમાં ન જેવો સમય લાગે તેવી હોવી જોઈએ.


|| શ્રી મોમાઈ માતાજી નમઃ ||

## શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર (સાંચરા)

### હાર્દિક આમંત્રણ

સહર્ષ જણાવવાનું કે સાંચરામાં બિરાજમાન આપણા કુળદેવી શ્રી મોમાઈ માતાજીની ચોથી સમુહ પહેડી મુંબઈ મધ્યે તા. ૦૪-૦૫-૨૦૧૪ ને રવિવારના રોજ યોજવામાં આવેલ છે.

**લાભાર્થી દાતા પરિવાર**

**માતુશ્રી ભચીબાઈ લીલાધર મેઘાણ મોમાયા પરિવાર**
**હ. ભોઈમા જયાબાઈ નવિનચંદ મોમાયા ઘાટકોપરવાળા**

**શુભસ્થળ અને સમય**

**શ્રી કપોળવાડી, એમ. જી. રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ. સવારના ૮ કલાકથી**

સાંચરામાં શ્રી મોમાઈ માતાજી ને નમતા ભાવિકો સઃપરિવાર ભાવભર્યું આમંત્રણ છે.

સંપર્ક

શ્રી લબ્ધિકુમાર મોમાયા (ગાંધીધામ) 098253 51001
શ્રી ધનપતિભાઈ મોમાયા (જલગામ) 094231 85716
શ્રી મહેન્દ્રભાઈ મોમાયા (રાજકોટ) 090997 00444
શ્રી ભદ્રેશભાઈ મોમાયા (મુલુંડ) 098331 31359
શ્રી હીરાચંદભાઈ મોમાયા (ઘાટકોપર) 098703 36826
શ્રી પંકજભાઈ મોમાયા (ઘાટકોપર) 098201 43287
શ્રી શ્રેણીકભાઈ મોમાયા (મુલુંડ) 093237 85320

નિમંત્રક :

**ભોઈમા જયાબાઈ નવિનચંદ મોમાયા તથા મોમાઈ માતાજી પરિવારના જય માતાજી**

## ભાવભીની શ્રધ્ધાંજલિ





**સ્વ. પિતાશ્રી શ્રી કેશવજી ખીમજી ડાઘા**
જીવન યાત્રા :
તા. ૦૫.૦૪.૧૯૨૨ થી ૨૯.૪.૧૯૯૯

**વિજ્યાબેન કેશવજી ડાઘા**
જીવન યાત્રા :
તા. ૧૭.૦૨.૧૯૨૯ થી ૦૧.૦૩.૨૦૧૩

ગામ દલતુંગી હાલ વડાલા / મુંબઈ

હેતભર્યા આશિષ અને હૈયાની હુંફ સાંભરે, સાંભરે વાત્સલ્યભર્યા વેણ,
અનંત ઉપકારો અમારા ઉપરના સાંભરે, ને ભીના થઈ જાય છે નેણ.
સ્મરણો ભીંજવે હૈયુંને, હૈયું ભીંજવે આંખ,
હવે તો રહી છે માત્ર, આપની સુમધુર યાદ, આપને હર હંમેશ યાદ કરનાર

## આપના આશિર્વાદના શુભાકાંક્ષી : આપની સ્મૃતિમાં પરિવારજનો...

| | |
|---|---|
| **પુત્ર - પુત્રવધુ** | : અ.સૌ. મધુરી ભાઈચંદ ડાઘા,<br>અ.સૌ. ભારતી શાંતિલાલ ડાઘા<br>અ.સૌ. નલિની વિજય ડાઘા |
| **પુત્ર** | : હિરાચંદ કેશવજી ડાઘા |
| **પુત્રી - જમાઈ** | : અ.સૌ. કાંતા કલ્યાણજી લોડાયા<br>અ.સૌ. શોભના શરદ લોડાયા |
| **પૌત્ર** | : સચીન, પૂરબ |
| **પૌત્ર - પૌત્રવધુ** | : અ.સૌ. રિધ્ધી ભાવિન ડાઘા |
| **પૌત્રી** | : રીટા, પૂજા |
| **પૌત્રી - જમાઈ** | : અ.સૌ. રિનલ ધર્મેશ ધરમશી |
| **પરપૌત્ર** | : કાવ્ય ધર્મેશ ધરમશી |
| **દોહિત્ર - દોહિત્રવધુ** | : અ.સૌ. જસ્મીના પરેશ લોડાયા<br>ચિ. હર્ષ શરદ લોડાયા |
| **દોહિત્રી - જમાઈ** | : અ.સૌ. ચેતના ભાવેશ ડાઘા<br>અ.સૌ. વૈશાલી વિમલ દંડ<br>અ.સૌ. હિનલ આંસુ |
| **પરદોહિત્ર - દોહિત્રી** | : ચિ. જય, મોક્ષા, આયુષી, સૃષ્ટી, સાનિયા, ભુમિ |

માતુશ્રી તેજબાઈ ખીમજી દેવજી ડાઘા સહ પરિવાર - દલતુંગી
માતુશ્રી લક્ષ્મી વીરજી નથુ દંડ સહ પરિવાર - સેવક ભરૂડિયા
માતુશ્રી વિજયાબેન કેશવજી ખીમજી ડાઘા પરિવારના જય જિનેન્દ્ર

આઝાદનગર કો. ઓ.હા.સો.પ્રા.લિ. ચાલ નં. ૧૭, રૂમ નં. ૮,
રફી અહમદ કીડવાઈ રોડ, વડાલા મુંબઈ - ૪૦૦ ૦૩૧. ટેલી : ૦૨૨-૨૪૧૨૯૬૮૬

## શ્રીમતી બાંયાબાઈ વેલજી ઉમરશી ધરમશી પુરસ્કાર મેળવવા બદલ અભિનંદન



### કુ. હીરલ કિશોર લખમીચંદ ખોના

(કચ્છ ગામ જખૌ, હાલ ગંજબાસોદા)

કન્યા છાત્રાલય મુંબઈમાં રહી ને અભ્યાસ કરતી કુ. હીરલને, કન્યા છાત્રાલયમાં H.S.C.માં સૌથી વધુ માર્કસ મેળવવા બદલ.... માતુશ્રી બાંયાબાઈ વેલજી ઉમરશી ધરમશી (સુથરી)ની પુણ્ય સ્મૃતિમાં પુરસ્કાર આપવામાં આવેલ છે. અભિનંદન!

## અભિનંદન



### શ્રી રાયચંદ દેવશી જીવાણી, જખૌ- ડોંબિવલી

અમારા પરમમિત્ર શ્રી રાયચંદ દેવશી જીવાણી શ્રી. ક.દ.ઓ. મંડળ ડોંબિવલીના પ્રમુખ પદે ચુંટાયા છે. એ અમારા માટે ગૌરવની વાત છે. અમારા આંતરીક અભિનંદન. અડગ, નિસ્વાર્થી, લોક લાડીલા રાયચંદભાઈ સમાજના આવા ઉચ્ચ કાર્યો સદાય કરતા રહે એવી અમારી શુભેચ્છા.

❊ શુભેચ્છક ❊

શીલાબેન અને રતીલાલભાઈ મોમાયા
નીનાબેન અને નીતીનભાઈ સાયલા
ચિત્રાબેન અને પદમભાઈ લોડાયા
દિપ્તીબેન અને ચંપકભાઈ જીવાણી
નલિનીબેન અને ચંદ્રકાંતભાઈ નાગડા
સુનિતાબેન અને મહેન્દ્ર મોતા
નીતાબેન અને મુકેશભાઈ લોડાયા
કલાબેન અને નરેન્દ્રભાઈ શિયાલ
ગીતાબેન અને રમેશભાઈ લોડાયા
પ્રવિણાબેન અને પારસભાઈ પટેલ
નિર્મલાબેન અને નવિનભાઈ મૈશેરી
લીનાબેન અને સનતભાઈ ખોના
જ્યોતીબેન અને ભરતભાઈ ડાઘા
દમયંતીબેન અને ધનપતીભાઈ મૈશેરી

## ચોથી પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૨૮.૧૦.૧૯૫૮

દેહ વિલય :
તા. ૨૮.૨.૨૦૧૧

### સ્વ. શકુંતલાબેન રાયચંદ દંડ

(કચ્છ - સાંધવ - મુલુંડ)

ભુલ્યા નથી, ભુલીશું નહીં તમને, ભૂલી જાય જગ ભલે,
તમે ભુલાશો નહીં, કરૂણા ભીની જેમની આંખો હતી,
વાત્સલ્યસભર જેમનું હ્રદય હતું, પ્રેમાળ જેમનું સ્મિત હતું,
આશીષ જેમનાં શબ્દ હતા, મમતા જેમનું મંદિર હતું,
ધર્મ અને કર્મ જેમનું કર્તવ્ય હતું, પરિવાર જેમને પ્રિય હતો,
સહુના દિલમાં જેમનું સ્થાન હતું, એવા મમતામયી,
પાવનકારી આત્માને પરમ કૃપાળુ પરમાત્મા
પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...

❖ શ્રધ્ધા સુમન અર્પણ ❖

શ્રી રાયચંદ નરશી દંડ
સમસ્ત નરશી ચત્રભોજ દંડ પરિવાર (સાંધવ)
સમસ્ત માતુશ્રી તારાબાઈ લાલજી ગાલા પરિવાર
(કોટડી મહાદેવપુરી)

## "આમજ વિસ્તરતી રહે તારી કારકિર્દીની ક્ષિતિજો"



### ચિ. આકાશ દીપક શાહ (લોડાયા)

સાંયરા - પુના

ગૌરવ અનુભવ કરે છે -

**દાદી દમયંતી રતનશી કુંવરજી લોડાયા**

અને સમસ્ત પરિવાર (સાંયરા)

પોતાની કારકિર્દીના પ્રારંભના ૮ મહીનામાં જ કંપની તરફથી વિશેષ ટ્રેનીંગ માટે તા. ૧-૩-૨૦૧૪ના રોજ ન્યુયોર્ક (અમેરીકા) ગયા છે. એમની આ ઉપલબ્ધિ બદલ હાર્દિક શુભેચ્છા.

સૌ. જ્યોત્સના દીપક રતનશી લોડાયા (શાહ)
સાંયરા - પુના

શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

શુભેચ્છાઓ સહ...

**સાંધવ રત્ન**

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**

શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

।। જય શ્રી અંબે આઈ ।।

**ચાલો જખૌ... ચાલો જખૌ...**

**મુનવર ભાવિકો... ચાલો જખૌ...**

કચ્છમાં કુળદેવી માતાજીનાં
સ્થાન જખૌ ગામ મધ્યે
સમુહપેડી તા. ૧૫-૪-૨૦૧૪
મંગળવારે સવારે ૯ થી ૧
દરમ્યાન રાખવામાં આવેલ હોઈ
જખૌ કુળદેવી માતાજીને નમતા
સર્વે પરિવારોને આ શુભ અવસરે
જખૌ પધારવા
હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

- માતાજીનાં ભુવા
મુલચંદ પદમશી મુનવર
(કોઠારા) વાલાનાં જયમાતાજી

શુભેચ્છા સહ...

શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)

**UK KHMJI & CO.**

144, Vasant Market yard, 4th Lane, Sangli
MH - 416 416 Tel.: 2670910 / 2322057

શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઈમ્બતુર)

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

**TAN MAN® TOURS & TRAVELS**

**9323360708/25903514-5-6**
**tanmantravels@yahoo.co.in**
**www.tanmantour&travel.com**

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિની મહિલાઓએ હંમેશા આગેકૂચ કરી છે. સમસ્ત સમાજે તેમને શક્ય તેટલી સાનુકૂળતા કરી આપી છે. જોકે હજુ કેટલીક બાબતમાં પરિવર્તનની જરૂર છે. મહિલા દિનની શુભેચ્છા આપતા તેમને પૂર્ણ સાનુકૂળતા આપવાનો સંકલ્પ કરીએ.

- તન-મન પરિવાર

**શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ**

SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોંબિવલી દ્વારા વહુરાણી નં. ૧ નાટય પ્રયોગ

શ્રી સ્વસ્તિક ગ્રુપ પ્રથમ વર્ષ પૂર્ણ કરી બીજા વર્ષમાં પ્રવેશ કર્યો તે નિમિત્તે એક સામાજીક નાટક વહુરાણી નં. ૧નો ખેલ તા. ૨૩-૧૨-૨૦૧૩ ને સોમવારના રાત્રે ૮.૩૦ કલાકે સાવિત્રીબાઇ ઓડિટોરિયમ, ડોંબિવલી (ઇસ્ટ)માં રાખવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆત નાટકના મુખ્ય દાતા પરિવાર શ્રી બિપીનભાઇ નાગડા, સહયોગી દાતા પરિવાર શ્રી ચિમનભાઇ મોતા, શ્રી શૈલેષભાઇ ખોના તેમજ ગ્રુપના માર્ગદર્શક શ્રી દિપકભાઇ લોડાયા, શ્રી નરેન્દ્રભાઇ શીયાલ, શ્રી અરવિંદભાઇ લોડાયા, શ્રી વિનયભાઇ ધરમશી દ્વારા દિપ-પ્રગટાવી શ્રી સ્વસ્તિક ગ્રુપની બહેનો દ્વારા શ્રી નવકાર મહામંત્ર ના પઠનથી કરવામા આવેલ. ગ્રુપને માર્ગદર્શન તેમજ સહયોગ આપનાર શ્રી ચંપકભાઇ જીવાણી ને શ્રધ્ધાંજલી એક મિનીટનું મૌન પાળી અર્પણકરવામાં આવી.

શ્રી સ્વસ્તિક ગ્રુપ દ્વારા નાટકના મુખ્ય દાતા પરિવાર તેમજ સહયોગી પરિવારને પુષ્પગુચ્છ આપી અનુમોદના કરવામાં આવી તેમજ પ્રથમ વર્ષ દરમ્યાન તન-મન-ધનથી સાથ સહકાર આપનાર દાતાશ્રી પરિવાર માતુશ્રી તારાબેન માણેકજી મોતા (રાપરગઢવાળી), શ્રી કલ્પેશભાઇ મોતા, માતૃશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા (વરાડીયા), શ્રી હીરાલાલભાઇ ડાઘા, માતુશ્રી પુષ્પાબેન પાશ્વીર નાગડા (રંગપુર), શ્રી બીપીનભાઇ નાગડા, બેલા મિના ચિમન મોતા (વારાપધ્ધર) તન મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, શ્રી ચિમનભાઇ મોતા, માતૃશ્રી નવલબેન મણીલાલ દંડ (સેવક ભરૂડીયા), શ્રી અશોકભાઇ દંડ, માતૃશ્રી મધુરીબેન બાબુલાલ લોડાયા (ગોરખડી), શ્રી ગિરીશભાઇ લોડાયા, માતૃશ્રી જયાબેન મોતીલાલ લોડાયા (મોટી ખાવડી), શ્રી વિજયભાઇ લોડાયા, શ્રી સોમચંદભાઇ ઠાકરશી ધરમશી (સેવક ભરૂડીયા) દાતા પરિવારને પાઘડી પહેરાવી સન્માન કરવામાં આવેલ.

અમારા આમંત્રણને માન આપી.. કલ્યાણ ડોંબિવલી મહાનગરપાલિકા આમદાર શ્રી રવિન્દ્રસાહેબ ચૌહાણ (દાદા) પધારેલ. સામાજીક કોમેડી નાટક વહુરાણી નં. ૧ને માણવા નાટકપ્રેમીની હાજરીથી આખો ઓડીટોરિયમ ફુલ થઇ ગયેલ, નાટક પૂર્ણ થયા બાદ બસની વ્યવસ્થા કરવામાં આવેલ.

## સ્વસ્તિક ગ્રુપની આરોગ્યવર્ધક પ્રવૃત્તિઓ

શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલી દ્વારા ૩જી રક્તદાન શિબિર સાથે  હાડકાની મજબૂતી તથા આરોગ્ય તપાસની નિશુ:લ્ક શિબિરનું આયોજન રવિવાર તા. ૧૬-૨-૨૦૧૪ ના સવારેથી સાંજ સુધી શેઠ શ્રી કે. બી. વીરા હાઇસ્કુલમાં યોજવામાં આવેલ. આ સંપૂર્ણ અભિયાનના દાતા થવાનો લાભ માતૃશ્રી તારાબેન માણેકજી મોતા (રાપરગઢવારી) તેમજ માતૃશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા (વરાડીયા), અંબા શિપીંગ પરિવારે લીધેલ. કાર્યક્રમની શુભ શરૂઆત દિપક પ્રગટાવી શ્રી બિપીનભાઇ નાગડા દ્વારા પ્રથમ રક્તદાન કરી કરવામાં આવેલ. બુંદ...બુંદ.... બચાવે જીંદગી અંતર્ગત  આ અભિયાન માં કુલ ૨૫૦ જ્ઞાતિ જનોએ લાભ લીધેલ તેમજ કુલ ૭૮ રક્ત બોટલ જમા થઇ અને બોન ડેન્સીટી ચેક-અપ માટે કુલ ૧૮૦ લોકો તેમજ હેલ્થ ચેક-અપ માં કુલ ૧૩૮ લોકોએ લાભ લીધેલ.

અતિથિ વિશેષ શ્રી ભુપેન્દ્રભાઇ દંડ, શ્રીમતી અનુપમા ભુપેન્દ્ર દંડ પધારી યુવા કાર્યકર્તાઓને પીઠબળ પુરું પાડેલ. દાતા પરિવારના શ્રી કલ્પેશભાઇ મોતા, શ્રી હીરાલાલભાઇ ડાઘા તેમજ શ્રી બિપીનભાઇ નાગડા, શ્રી ચિમનભાઇ મોતા, શ્રી નિતીન સાવલા, શ્રી દિપકભાઇ લોડાયા, શ્રી અરવિંદભાઇ લોડાયા, શ્રી વિનયભાઇ ધરમશી, શ્રી સુરેન્દ્ર શિયાલ, શ્રી હરેશ સાયલા, શ્રી અતુલ ધરમશી, શ્રી ભરત જીવાણી, શ્રી પદમશી લોડાયા, શ્રી હેમંત ધુલ્લા, શ્રી અજય શીયાલ, શ્રી ઝવેરચંદ પટેલ, શ્રી જગદીશ લોડાયા,  શ્રી ઇલેશ ઘરેડ, શ્રી જીતેન ડાઠી (કચ્છ યુવક સંઘ), શ્રી વિનય લોડાયા, શ્રી રિતેશ લોડાયા, શ્રી અશોક લાલકા, શ્રી અનિલ નાગડા, શ્રી ગિરીશ ડાઘા, શ્રી ગિરીશ પટેલ, શ્રી વિજય મોતા, શ્રી વિજય છેડા, કલ્યાણ પૂજાના શ્રી હર્ષદભાઇ જોષી વગેરે મહાનુભવોએ તેમનો કિંમતી સમય આપી પધારેલ.

ડૉ. આનંદ સુનટકે (પ્લાઝમા બ્લડ બેન્ક), ડૉ. સુધીર કુલકર્ણી તથા ડૉ. આનંદ થોરાત (બોન ડેન્સીટી ચેક-અપ) દ્વારા સેવા આપવામાં આવેલ.

# શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોંબિવલી

## ત્રીજી રક્તદાન શિબિર અને બોન ડેન્ટસી અને હેલ્થ ચેકઅપ તા.૧૬-૨-૨૦૧૪






માતાજીને પુષ્પહાર અને દ્રીપ પ્રાગટ્ય કરતા મહાનુભવો




શિબિરના મુખ્ય દાતાશ્રી દ્વારા નિરક્ષણ



દાતા પરિવારના સન્માન કરતા પ્રમુખ જયેશ લોડાયા




અતિથીવિશેષ શ્રી ભુપેન્દ્રભાઈ દંડ (ભુમિરાજ) શિબિરનું નિરક્ષણ કરતા



શ્રી ભુપેન્દ્રભાઈ દંડ (ભુમિરાજ) સન્માન કરતા કાર્યકર્તા





રક્તદાનમાં પધારેલ શ્રી બિપીન નાગડા અને શ્રી ચિમનલાલ મોતા બહુમાન કરતા સ્વસ્તિક ગ્રુપના કાર્યકર્તા અને રક્તદાન કરતા શ્રી બિપીનભાઈ નાગડા






રક્તદાનમાં પધારેલ શ્રી અરવિંદભાઈ લોડાયા, દિપકભાઈ લોડાયા, નિતીન સાયલા, અતુલ ધરમશી નું બહુમાન કરતા કાર્યકર્તા અને મહાનુભવો સાથે સ્વસ્તિક ગ્રુપના કાર્યકર્તા

# શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોંબિવલી

## વહુરાણી નં.૧ ગુજરાતી નાટક તા.૨૩-૧૨-૨૦૧૩






કાર્યક્રમની શુભ શુરૂઆત દ્વિપ પ્રાગટ્યે અને નવકાર પઠન કરતા મહાનુભવો, સ્વસ્તિક ગ્રુપના કાર્યકર્તા અને નાટક રસિકો





શ્રી સ્વસ્તિક ગ્રુપ દ્વારા સંપુર્ણ વર્ષના મુખ્યદાતાશ્રી  કલ્પેશભાઈ મોતા અને શ્રી હિરાલાલ ડાઘા, શ્રી શૈલેશભાઈ ખોનાનું બહુમાન કરતા કાર્યકરો





શ્રી સ્વસ્તિક ગ્રુપ દ્વારા સંપુર્ણ વર્ષના મુખ્યદાતાશ્રી બિપીનભાઈ નાગડા, શ્રી સોમચંદભાઈ ધરમશી અને શ્રી ચિમનલાલ મોતાનું બહુમાન કરતા કાર્યકરો





શ્રી સ્વસ્તિક ગ્રુપ દ્વારા સંપુર્ણ વર્ષના મુખ્યદાતાશ્રી વિજય લોડાયા અને અશોકભાઈ દંડને બહુમાન કરતા કાર્યકરો

શ્રી સ્વસ્તિક ગ્રુપદ્વારા ડોંબિવલીના આમદાર શ્રી રવિંદ્ર ચવ્હાણનું બહુમાન કરતા ગ્રુપના કાર્યકર્તા











**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી માટુંગા કચ્છી મુર્તિપુજક શ્વેતાંબર સંઘ

ઉપરોક્ત સંઘના વહિવટ માટે સંવત ૨૦૭૦ કારતક સુદ ૧ થી સંવત ૨૦૭૫ના આસો વદ ૩૦ સુધીના પાંચ વર્ષની મુદત માટે ટ્રસ્ટી તરીકે આપણી જ્ઞાતિના શ્રી નલીન કેશવજી અજાણી અને વ્યવસ્થાપક સમિતિના સભ્યો તરીકે આપણી જ્ઞાતિના શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા અને શ્રી રતિલાલ વાલજી ખોના પણ અન્ય જ્ઞાતિના ટ્રસ્ટીઓ અને સભ્યો તરીકે બીનહરિફ ચૂંટાયા છે.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ

ઉપરોક્ત મંડળ દ્વારા આયાજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તા. ૯-૦૩-૨૦૧૪ ના રાત્રે ૯ કલાકે વાસુપુજ્ય જિનાલયમાં યોજાશે જેનો લાભ શ્રી દેવજી દામજી ખોના પરિવાર - જખૌવાળાએ લીધેલ છે. આવતા માસની ભાવના તા. ૬-૦૪-૨૦૧૪ ના છે જેનો લાભ શ્રી મિતેશ જવેરચંદ લક્ષ્મીચંદ લોડાયા પરિવાર - રાપર ગઢવાળાએ લીધેલ છે.

## કોઠારા દેરાસરજી ધ્વજારોહણ

કોઠારા ગામે ૧૫૩ મી ધ્વજા રોહણનો પ્રગંગ સારી રીતે ઉજવાયો. સવારના સત્તરભેદી પુજા ભણાવવા આવેલ. ધ્વજાના ચડાવાનો લાભ નીચે મુજબ : (૧) શ્રી શાંતીનાથ મહારાજની ધ્વજાનો ચડાવાનો લાભ શા હીરાલાલ માણેકજી પાલાણી મણ ૧૬૦૧ માં લીધેલ. (૨) શ્રી આદેશ્વરદાદ ધ્વજાનો ચડાવાનો લાભ શા લાલજી સામજી અજાણી મણ ૧૨૦૧ માં લીધેલ. (૩) શ્રી મુનીસુવ્રત દાદાની ધ્વજાનો ચડાવાનો લાભ માતુશ્રી મંકુબાઇ ગાંગજી દેવશી શાહનંદ મણ ૭૦૧માં લીધેલ.

સ્વામી વાત્સલ્ય જમણ માતુશ્રી હીરાવંતીબેન ખેતશી દેવશી દંડ તરફથી રાખવા આવેલ. મુંબઇ તેમજ આજુબાજુમાં ગામોમાંથી સારી સંખ્યામાં હાજરી હતી.

## શ્રી કચ્છી દશા આશવાળ જૈન યુવક મંડળ બૃહદ ગાંધીધામ વિસ્તાર

મંડળ દ્વારા રવિવાર તા. ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૪ ના બૃહદ ગાંધીધામ વિસ્તારમાં રહેતા જ્ઞાતિજન ભાઇઓ બહેનો તથા નાના-નાના ભૂલકાઓ માટે ગાંધીધામ સ્પોર્ટસ ડે નુ આયોજન થયેલ. જુદા જુદા વય જૂથો માટે ક્રિકેટ મેચો અને અન્ય હરિફાઇઓ યોજાઇ.

સ્પોર્ટસના મુખ્ય દાતા શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ પરિવાર હા. શ્રીમતિ સીમાબેન લબ્ધીકુમાર મોમાયા હતા. ગ્રાઉન્ડ, સાઉન્ડ તથા મંડપના સૌજન્ય દાતાશ્રી હિમ ઇલેક્ટ્રીકલ હા. શ્રી વિજયભાઇ જવેરચંદ મુનવર હતા.

અન્ય સહયોગી દાતાશ્રીઓ શ્રી તરંગ વિશાલ લાલકા, ડો. શ્રી મધૂકાન્ત રતનશી ધરમશી, શ્રી મધુકાન્ત જવેરચંદ લોડાયા અને રજત લોજીસ્ટીક્સ હા. નીલય દંડ અને સંદીપ શાહ હતા. ક્રિકેટમેચની કેપના સૌજન્યદાતા શ્રી ધી વોરીયર્સ ગ્રુપ, હા. મિતેશ મોતા, વિપુલ લાલકા, કેતન લોડાયા, જીગર મૈશેરી અને ધવલ લોડાયા હતા.

## ક. દ. ઓસવાલ મહિલા મંચ, નાગપુર

દર મહિને થતી મા મહાકાળીની ભાવના તા. ૫-૨-૧૪ના સૌ. ભાવિની યોગેશ દંડને ત્યાં રાખવામાં આવી હતી.

તે પછી મિટિંગ દરમિયાન મંચની બહેનોએ જૈન ગૃહ ઉદ્યોગની શરૂઆત કરવા ચર્ચા કરી જેમાં સૌ. કાજલ પોલડિયાએ છપાવેલ મીઠાઈ તથા ફરસાણના કાગળ સર્વ બહેનોને આપવામાં આવ્યા. ગૃહ ઉદ્યોગની હેઠળ મંડળની બહેનોએ જૈન ખાખરાનું વેચાણ શરૂ કરેલ છે.

ડૉ. અલકા ગુપ્તા જેઓ નેચરોપથી, એક્યુપ્રેશર, યોગા તથા સુજોગ ચિકિત્સકમાં પારંગત છે. એમણે વિવિધ રીતે બિમારીઓના ઉપચાર બતાવી ખૂબ જ સરસ સમજાવ્યું હતું.

## વડોદરામાં શ્રી સચ્ચામાંની સમૂહ પહેડી

શ્રી સચ્ચામાના ભાવિક પરિવારો અત્રે છેલ્લા ૨૦ વર્ષથી સળંગ સચ્ચામાની પહેડી યોજે છે. આ વર્ષે માંની ૨૧મી સમૂહ પહેડી તા. ૯-૨-૨૦૧૪ રવિવારના ઉજવાઈ. સમૂહ પહેડીનો લાભ અ.સૌ. રીન્કુ ચિરાગ ગડા, અ.સૌ. સેજલ જતિન ગડા, સુનયના પ્રણવ ભટ્ટ હસ્તે માતુશ્રી જયાબેન નેમચંદ ગડા (લાયજા) વડોદરા એ લીધેલ. સવારના ૧૦ કલાકે પૂ. માતાજીની ભક્તિ ધુન જમાવવામાં આવી.

દાતા પરિવારના હસ્તે પૂ. માતાજીને શ્રીફળ તથા જુહાર ધરાવ્યા બાદ પહેડીના દાતા નેમચંદ ખીમજી ગડાનું

માનક ભાવિકોવતી બહુમાન કરવામાં આવ્યું. ૧૨-૩૯ વાગે માતાજીની આરતી થઈ અને તે પછી ભાવિકો તથા નિયાણી બહેનો રાસ ગરબા રમ્યા.

પૂ. માતાજીની ધૂન તથા ગરબામાં શ્રીમતી આરતી સાવલા (ઓમ કાર ગ્રુપ) રમઝટ જમાવેલ. દાતા પરિવાર તરફથી પહેડીમાં પધારેલ નિયાણી બહેનો તથા ભાવિકોની કુમારીકાઓને પૂજાણી થાળી અને વાટકીની પ્રભાવના થઈ. વડોદરા ઉપરાંત આણંદ, દાહોદ, રાજપીપળા, છાણી, દશરથથી પધારેલ કુલ ૪૫૦ની સંખ્યામાં ભાવિકો તથા નિયાણી બહેનો પહેડી-પ્રસાદ તથા સાધર્મિક ભક્તિનો લાભ લીધો. પહેડીનું સંચાલન કિશોર ધુલ્લા, ધનજી ગડા, ખુશાલ ગડા, હસમુખ ગડા તથા દિલીપ ગડાએ કર્યું.

## શ્રી મહિલા હિતવર્ધક મંડળ - હુબલી

તાજેતરમાં તા. ૮-૨-૨૦૧૪ને શનિવારના શ્રી મહિલા હિતવર્ધક મંડળ, હુબલી ની એક મીટીંગ પૂર્વ કમિટિને ૩ વર્ષ પૂરા થયાંને નવી ની નેમણૂક થયેલ કમીટીને બધો ચાર્જ અપાયો. નવી સમિતી નીચે મુજબ કાર્યરત રહેશે

૧) પ્રમુખ : શ્રીમતી દીપીકા કમલેશ ખોના (નલીયા) ૨) ઉપપ્રમુખ : શ્રીમતી હિતલ હિરેન છેડા (નલીયા) ૩) માનદ્ મંત્રી : ચેતના શરદ મોમાયા (વરાડીયા) ૪) સહમાનદ્ મંત્રી : ચેતના નરેન્દ્ર મોમાયા (સાયરા) ૫) ખજાનચી : દક્ષા પંકજ લોડાયા (સાયરા) ૬) સહખજાનચી : ઉષા મુલચંદ ખોના (મોટી ખાવડી)

આ નવી નીમણુંક થયેલ કમીટીને પૂર્વ કમિટીના પ્રમુખ શ્રીમતી મીત્તલ શૈલેશ પટેલ તરફથી શુભેચ્છા આપવામા આવી તે વખતે પોતાના ૩ વર્ષના કાર્યકાળ દરમ્યાન કરવામાં આવેલ મહિલા ઉત્કર્ષના વિવિધ ક્ષેત્રે હાથ ધરવામાં આવેલ કાર્યની આછેરી ઝલકનો તેમણે નિર્દેશ કર્યો જે વિગત ટૂકમાં નીચે મુજબ છે.

પૂર્વ ટીમની કાર્યવાહી જાન્યુઆરી ૨૦૧૧ થી ડીસેમ્બર ૨૦૧૩ (૩ વર્ષની અવધિ રહેલ) મંડળમાં હાલમાં ૧૫૦ થી વધારે મહિલાઓ સદસ્ય છે. કાર્યક્રમમાં મહિલાઓનાં મનપસંદ ક્ષેત્ર, કુકીંગ (રસોઇકલા ક્ષેત્ર) રહેલ છે આમતો આ રોજિંદુ કાર્ય છે પણ મહિલાઓ પોતાની નિપુણ કાર્યવાહી બતાવીને અવનવી વાનગીઓથી મહિલાઓ પોતાની રસોઇ કલા બતાવી શકે. વર્ષ દરમ્યાન રસોઇ ક્ષેત્ર ઉપરાંત રમતગમત, મનોરંજન, ધાર્મિક, ટેલેન્ટ હન્ટ વગેરે ક્ષેત્રે વિવિધ હરિફાઇઓ પણ ગોઠવવામાં આવેલ.

એ) રસોઇ (કુકીંગ) ક્ષેત્ર-સ્વાતંત્ર્ય દિને કારેલા માંથી વિવિધ સ્વાદિષ્ટ વ્યંજન બનાવવાની હરિફાઇ રાખેલ ઉપરાંત તે ઉપરાંત સ્વાદિષ્ટ ગોળપાપડી બનાવવાની હરિફાઇ રાખેલ.ને વિજેતાઓને પુરસ્કાર અપાયા.

બી) સ્વાસ્થય (હેલ્થ) ૪૦ વર્ષ વય બાદ મહિલાઓએ પોતાના સ્વાસ્થની સંભાળ સારી રીતે રાખી શકે એને માટે વિશિષ્ટ કેમપ રાખવામાં આવેલ તે ઉપરાંત (બોન ડેન્સીટી) હાડકાની મજબૂતાઇ વિષે એક કેમ્પ રાખેલ જેમાં પુરૂષ-મહિલાઓએ મળીને ૮૫થી વધુ સદસ્યોએ ભાગ લીધેલ.

સી) નવરાત્રી દરમ્યાન વિવિધ પ્રકારે બનાવેલ આરતીની થાળીની તથા માતાજીની ચુન્દડી ને વિવિધ રીતે સજાવટની હરિફાઇ રાખેલ ને હોળી (રંગપંચમી) નિમિત્તે વસંત ઋતુને ધ્યાનમાં લઇ ફીલ યોર હાર્ટ રંગપુરણીની હરિફાઇ રાખવામાં આવેલ. જેમા પણ ઘણા સદસ્યોએ ઉત્સાહથી ભાગ લીધેલ.

ડી) ટેલેન્ટ હન્ટ (હોશીયારી) તથા ન્યુ ક્રીયેટીવ્હીટી (સંશોધન કાર્ય)માં ઘરની નકામી થયેલ ચીજવસ્તુમાંથી વિશિષ્ટ વેરાયટી જેમકે વિવિધ જાતના ગીફ્ટ બૉક્સ તથા સાબુની ગોટીમાંથી વિવિધ પ્રકારના ફુલ (ફ્લૉવર)ની ડીઝાઇનની હરિફાઇ રાખેલ ને આમ મહિલાઓની વિશિષ્ટ પ્રતિભાઓને ઓપ આપવામાં આવેલ.

ઇ) રમતગમત-મનોરંજન ક્ષેત્ર : અંતાક્ષરીની હરિફાઇ, ૧ મીનીટ ગેમ શો બેસ્ટ સાસુ-વહુની જોડી, કૌન બનેગા હજારપતિ, ઉપરાંત સ્પોટસ્ ડે નિમિત્તે મહિલા - ક્રિકેટ મેચ, ને નવરાત્રી દરમ્યાન દાંડીયા નાઇટ વગેરેની વિવિધ હરિફાઇ રાખવામાં આવેલ.

એફ) ધાર્મિક ક્ષેત્ર : આગલા વરસે વરસીતપના ૨૦ જેટલા તપસ્વીઓ હતા તેમને ૧ દિવસ પારણા કરવાવાળણો લાભ લીધેલ, તે ઉપરાંત સાધુ ભગવંતો ને ચૌમાસી દરમ્યાન વિવિધ કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લિધેલ.

જી) સમરથનમ્ નામક એક એનજીઓ સંસ્થા સાથે જોડાઇને એ સંસ્થામાટે ઘેર-ઘેરથી રદ્દી ન્યુઝપેપર, જૂના કપડાં, ડબ્બા વગેરે એકત્રિત કરીને દરમહિને એ સંસ્થાને (ધારવાડ) પહોચાડવામાં આવેલ. ને એમાંથી એકઠી થતી રકમ જરૂરિયાતમંદ માટે માનવ સેવા અર્થે વપરાય છે. તથા અત્રેના સમાજમાં દર વર્ષે ૩ મહિલાઓને બેસ્ટ વુમન ઑફ ઇયર, વિશિષ્ઠ મહિલાને ઇનામ અપાય છે.

**ગયા વર્ષના વિજેતા હતા વર્ષ ૨૦૧૩**

**૧) શ્રીમતી ચંદનબેન લક્ષ્મીચંદ લોડાયા (જખૌ)**

પ્રતિકૂળ સંજોગોમાં સદાય પોઝીટીવ અભિગમ ને સ્વમહેનતથીસદાય હસતા ચહેરે અપનાવીને મિશાલ કાયમ રાખવા બદલ.

**૨) શ્રીમતી હેમાલી નિતીન લોડાયા (સાંયરા)**

પતિના ૫ વર્ષ અગાઉ અકાળે અવસાન બાદ પોતાના બન્ને બાળકો સાથે દૃઢ મનોબલથી કપરા સમયે બહાર આવી બ્યુટીપાર્લરની કળાને વિકસાવીને પગભર થનાર ગૃહિણીને !

**૩) શ્રીમતી દીપ્તી અનુપ ખોના (નલીયા)**

૧૮વર્ષથી ચાલુ રહેલ મહિલા ગૃહઉદ્યોગની પ્રવૃત્તિઓ જેમાં ૧૦૦ ઉપરાંત વિવિધ વ્યંજન (ખાખરા, પાપડ, અઠાણા, મિઠાઇ, ફરસાણ, તથા મસાલા વગેરેનું દૈનિક ધોરણે વેચાણ થાય છે.) ને મુંબઇમાં ગૃહઉદ્યોગ કેંદ્ર પછી કદાચિત બીજા નંબરે પ્રવૃત્તિમાન ગૃહઉદ્યોગને વેગ આપીને પ્રગતિ આપવા બદલ !(આ મંડળમાં આપણી જ્ઞાતિને તથા ઇતર જ્ઞાતિની મળીને લગભગ ૨૦ ગૃહિણીઓ સહવેતન સેવા આપી રહી છે.) ત્રણેય ગૃહિણીયોની જીંદાદિલીને સલામ !

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# પ્રથમ પુણ્યતિથી



**માતૃશ્રી કાન્તાબેન ગુલાબચંદ શાહ**
**જન્મ તા. ૧૦-૦૯-૧૯૪૪ સ્વર્ગવાસ તા. ૦૪-૦૩-૨૦૧૩**

## માં !

પહેલા આંસુ આવતાને તું યાદ આવતી,
આજે તું યાદ આવે છે ને આંસુ આવે છે!

વ્હાલા વડલા જેવું આપનું જીવન અસ્તિત્વ
આજે અમારી વચ્ચે નથી, પણ વાદળાની
શીતલ છાયા સમા સંસ્કારો, સ્નેહ, સર્મપણ,
સંઘર્ષ અને સકારાત્મક જીવનશૈલી
અમારા માટે આદર્શરૂપ છે...
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાથના....

**માતૃશ્રી ભચીબાઇ કુંવરજી વેલજી ધરમશી પરિવાર**
**માતૃશ્રી લક્ષ્મીબાઇ શામજી પરબત મોતા પરિવાર**
**અં. સૌ. સપના સમીર શાહ**
**અં. સૌ. પ્રિતી ગીતેશ શાહ**
**અં. સૌ. ભાવિકા પ્રશાંત શાહ**
**સાચી, આસ્થા, હીર, દીયા, ચૈત્ય, અને માહી**

**C-Clean Optics**
**Stonemann Royale Ltd.**
**Shah & Mehta**
**Samay Infosolutions Pvt. Ltd.**

# હાર્દિક અભિનંદન



## સૌ. ગાયત્રી ચેતન વોરા

(રંગપુર - મુંબઇ - ગોરેગામ)
(Insurance Advisor
LIC of India)

*Qualified*
*MDRT (U.S.A.)*
*International*
*achievement in*
*insurance Sector*
*Z.M. Club Member*
*Honoured by LIC*

**આશિર્વાદ :**
માતુશ્રી નવલબાઈ ચંદુલાલ વોરા
પરિવાર (રંગપુર)
માતુશ્રી લક્ષ્મીબાઈ ઉત્તમચંદ લાપસીયા
પરિવાર (દલતુંગી)

**GAYATRI VORA**
Cell : 9819725095
8108883749
gayatricvora@yahoo.com

To,

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**